પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૩૨ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૬-૦૫-૨૦૨૨ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-


આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## દિલ્હીની NIA કોર્ટે યાસીન મલિકાને ઉમ્રકેદની સજા સંભળાવી, NIAએ મલિકને સજાએ મોત આપવાની માંગ કરી હતી



નવીદિલ્હી,

પ્રતિબાંધિત સંગઠન જમ્મુ કાશ્મીર લિબરેશન ફ્રંટના વડા યાસીન મલિકને ટેરર ફંડિગના કેસમાં સજા સંભળાવવામાં આવી છે. દિલ્હીની એનઆઈએ કોર્ટે યાસીમ મલિકને ઉમ્રકેદની સજા સંભળાવી છે.તેની સાથે જ કોર્ટે ૧૦ લાખ રૂપિયાનો દંડ પણ લગાવ્યો છે. એ યાદ રહે કે એનઆઈએએ યાસીન મલિકને સજા એ મોત આપવાની માંગ કરી હતી.ગુરૂવારે કોર્ટે ટેરર ફંડિગ મામલામાં યાસીનને દોષી ઠેરવ્યો હતો યાસીને સુનાવણી દરમિયાન કબુલ કર્યુ હતું કે તે કાશ્મીરમાં આતંકી ગતિવિધિઓમાં સામેલ હતો આ પહેલા યાસીન મલિકને દિલ્હીની પટિયાલા કોર્ટમાં લાવવામાં આવ્યો હતો કોર્ટમાં સજા પર ચર્ચા થઈ ત્યારબાદ કોર્ટે નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો સજા સંભળાવતા પહેલા પટિયાલા કોર્ટ પરિસરની સુરક્ષા વધારી દેવામાં આવી હતી કોર્ટ રૂમની બહાર સીએપીએફ સ્પેશલ સેલના જવાનોની તહેનાતી કરવામાં આવી હતી આ દરમિયાન અદાલતનની બહાર અનેક લોકો તિરંગો લઈ પહોંચ્યા હતાં જયારે શ્રીનગરની પાસે મૈસુમામાં યાસીન મલિકના ઘરની પાસે મલિક સમર્થકો અને પોલીસની વચ્ચે અથડામણ થઈ હતી.અહીં પથ્થરમારો કરવામાં આવતા સુરક્ષા કર્મચારીઓએ ટીયરગેસના સેલ છોડયા હતાં મૈસુમામાં યાસીનનું ઘર છે મલિકના ઘરની આસપાસ સુરક્ષાના જવાન તહેનાત કરવામાં આવ્યા હતાં અને ડ્રોનથી વિસ્તારની દેખરેખ કરવામાં આવી રહી છે.

યાસીને કોર્ટમાં કહ્યું હતું કે તે આતંકવાદી ગતિવિધિ ,આતંકવાદી ગતિવિધિ માટે નાણાં એકત્રિત કરવા આતંકવાદી કૃત્યનું કાવતરૂ રચવું આતંકવાદી સમૂહ કે સંગઠનના સભ્ય હોવાનું અને અપરાધિક કાવતરૂ રચવા હેઠળ ખુદ પર લગાવવામાં આવેલા આરોપોને પડકાર આપવા ઈચ્છતો નથી કોર્ટે માન્યુ છે કે મલિકે આઝાદીના નામે જમ્મુ કાશ્મીરમાં આતંકવાદી અને અન્ય ગેરકાયદેસર ગતિવિધિઓને પરિણામ આપવા માટે નાંણા એકત્રિત કરવા માટે દુનિયાભરમાં એક નેટવર્ક સ્થાપિત કરી લીધુ હતું. આ મામલામાં એક ડઝનથી વધુ લોકોની વિરૂધ્ધ ૧૮ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી હતી.

યાસીન મલિકે ક્યારેય કાશ્મીરનુ ભલુ ઈચ્છ્યુ નહીં,નફરતની આગ ફેલાવનારા મલિકના અનેક કારનામા છે તારીખ હતી ૧૩ ઓક્ટોબર ૧૯૮૩. જમ્મુ-કાશ્મીરના શ્રીનગરના શેર-એ-કાશ્મીર સ્ટેડિયમમાં ભારત અને વેસ્ટ ઈન્ડિઝની વચ્ચે ક્રિકેટ મેચ ચાલી રહી હતી. લંચ બ્રેક થયો. ત્યારે કેટલાક લોકો પિચની નજીક ચાલ્યા ગયા અને તેને ખરાબ કરવાનો પ્રયત્ન કર્યો. આ મામલે ૧૨ લોકો પર કેસ ચલાવવામાં આવ્યો. આ સમગ્ર કાંડ જે સંગઠને કર્યુ હતુ, તેનુ નામ હતુ 'તાલા પાર્ટી'. બે વર્ષ બાદ ૧૩ જુલાઈ ૧૯૮૫એ ખ્વાજા બજારમાં નેશનલ કોન્ફરન્સની રેલી થઈ રહી હતી. આ રેલીમાં ૭૦ યુવક પહોંચ્યા અને ફટાકડા ફોડ્યા. સૌ ને લાગ્યુ બોમ્બ વિસ્ફોટ થયો છે. ચારે તરફ અફરા-તફરી મચી ગઈ. નેશનલ કોન્ફરન્સે એક ૧૯ વર્ષના યુવકને પકડી લીધો. આ યુવકનુ નામ હતુ- યાસીન મલિક.

તે યાસીન મલિક, જેણે જમ્મુ-કાશ્મીરમાં આતંકને વધાર્યો. કાશ્મીરની આઝાદીની વકાલત કરતો રહ્યો. દારૂગોળો અને બંદૂકના દમ પર ડર ફેલાવતો રહ્યો. આજે તે જ યાસીન મલિકની સજાનુ એલાન થવાનુ છે. યાસિન મલિક પર આતંકી ઘટનાઓ સાથે જોડાવા અને કાશ્મીર ખીણમાં માહોલ ખરાબ કરવાનુ ષડયંત્ર રચવાનો દોષ સાબિત થયો છે.

યાસીન મલિકનો જન્મ ૩ એપ્રિલ ૧૯૬૬એ શ્રીનગરના મયસૂમા વિસ્તારમાં થયો હતો. મયસૂમા ખૂબ ગીચ વિસ્તાર છે. જેની દક્ષિણમાં લાલ ચોક છે અને પશ્ચિમમાં જેલમ નદી છે. યાસીન મલિક દાવો કરે છે કે ૮૦ ના દાયકામાં તેણે હિંદુસ્તાની સેનાનો અત્યાચાર જોયો હતો, જેણે તેને હથિયાર ઉઠાવવા માટે મજબૂર કર્યો. તે દાવો કરે છે કે તે સમયે તેણે ટેક્સી ડ્રાઈવરો પર સેનાની હિંસા જોઈ હતી.

આ કથિત હિંસાનો જવાબ આપવા માટે યાસીન મલિકે એક સંગઠન બનાવ્યુ. તેનુ નામ રાખ્યુ તાલા પાર્ટી. આ સંગઠન હિંસા કરવા અને માહોલ બગાડવાનો વારંવાર પ્રયત્ન કરતુ રહેતુ હતુ. ૧૯૮૩ના ભારત-વેસ્ટ ઈન્ડિઝની મેચમાં પણ અવરોધ ઉભો કર્યો હતો. તે હરકતમાં યાસીન મલિક તો સામેલ નહોતો, પરંતુ તેના સંગઠને આને અંજામ આપ્યો હતો. આ મામલે ૨૮ વર્ષ બાદ ૨૦૧૧માં કોર્ટનો ચુકાદો આવ્યો અને તમામ ૧૨ આરોપીઓને પુરાવાના અભાવે મુક્ત કરી દેવાયા.

આ દરમિયાન ૧૧ ફેબ્રુઆરી ૧૯૮૪એ આતંકી મકબૂલ ભટને ફાંસી પર ચઢાવી દેવાયો. તાલા પાર્ટીએ આ ફાંસીનો ખૂબ વિરોધ કર્યો. મકબૂલ ભટના સમર્થનમાં પોસ્ટર લગાવવામાં આવ્યા. આ મામલે યાસીન મલિકની ધરપકડ કરી લેવાઈ. તે ૪ મહિના સુધી જેલમાં રહ્યો. જેલમાંથી મુક્ત થયા બાદ ૧૯૮૬માં તાલા પાર્ટીનુ નામ બદલીને ઈસ્લામિક સ્ટુડન્ટ લીગ રાખવામાં આવ્યુ. યાસીન મલિક આનો મહાસચિવ બન્યો. કાશ્મીરની આઝાદીની લડતમાં આઈએસએલ ઉભરીને સામે આવ્યુ. અશફાક મજીદ વાની, જાવેદ મીર અને અબ્દુલ હામીદ શેખ જેવા આતંકી આના સદસ્ય હતા.

## અમદાવાદમાં ૧ જુલાઈથી પ્લાસ્ટિક પર પ્રતિબંધ

અમદાવાદ,

અમદાવાદમાં હવે હેલ્થને હાનિકારક એવા સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકવામા આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરે આ મામલે મહત્વનો પરિપત્ર કર્યો છે. જે મુજબ, હવે અમદાવાદમાં ૧૨૦ માઈક્રોનથી ઓછા અને રિસાઈકલ ન થઈ શકે એવા સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકાયો છે.

કેન્દ્ર સરકારના પર્યાવરણ, વન અને ક્લાઈમેટ ચેઈન્જ મંત્રાલયના પરિપત્ર કરવામાં આવ્યો હતો. જેના આધારે હવે અમદાવાદમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર સંપૂર્ણ પ્રતિબંધ આવી રહ્યો છે. કેટલાક પ્રતિબંધિત પ્લાસ્ટિકના વપરાશ પર ૧ જુલાઈ ૨૦૨૨ થી સંપૂર્ણ બંધ કરવાનો પરિપત્ર જાહેર કરાયો છે.




૧ જુલાઈથી પ્લાસ્ટિકની પ્લેટ, ઝંડા, કપ, સ્ટ્રો, ટ્રે, ફોર્ક, આઈસ્ક્રીમની ચમચી જેવા સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ નહીં થઈ શકે છે. એક વિશેષ પરિપત્ર દ્વારા આ પ્રતિબંધ લગાવવામાં આવ્યા છે.

પરિપત્ર મુજબ, ૧૦૦ માઈક્રોનથી ઓછી જાડાઈના કપ, પ્લેટ્સ, ચમચી, નાઈફ સહિત અન્ય વસ્તુઓ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સાથે જ ઈયર બડ્સના પ્લાસ્ટિક, પ્લાસ્ટિક સ્ટીક, પ્લાસ્ટિ ઝનડા, ચોકલેટ અને આઈસ્ક્રીમ સ્ટીક સહિતની વસ્તુઓ પ્રતિબંધિત જાહેર કરાઈ છે. ૧ જુલાઈથી પ્લાસ્ટિકની આ વસ્તુઓના વપરાશ પર પ્રતિબંધ રહેશે. આ ઉપરાંત કેન્ડી સ્ટીક, થર્મોકોલનું ડેકોરેશન, પ્લેટ-કપ, ગ્લાસ, સ્ટ્રો, ટ્રે, બોક્સને લગાવવાની ટેપ, સિગારેટના પેકેટ પરનું પ્લાસ્ટિક પણ પ્રતિબંધિત રહેશે.

૧ જુલાઈ ૨૦૨૨થી ઉત્પાદકો, આયાતકારો, જથ્થાબંધના વેપારીઓ, વેચાણકારો અને ઉપયોગકર્તાઓ માટે તેના સિવાય પણ સિંગલ યુઝ પ્લાસ્ટિક, પોલીસ્ટ્રીને અને એકસાપાન્ડેડ પોલીર્સ્ટીન, કોમોડિટીઝ પણ પ્રતિબંધિત કરવામાં આવી છે. જેમાં પણ વિવિધ પ્રતિબંધ મૂકવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, સિંગલ યુઝ્ડ પ્લાસ્ટિક હેલ્થ માટે હાનિકારક છે. આવા પ્લાસ્ટિક ગરમ વસ્તુઓમાં ભળીને શરીરમાં જાય છે, જેને કારણે બીમારીઓ વધી રહી છે. ખાણીપીણી, શાકમાર્કેટ, દુકાનોાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો બિન્દાસ્તપણે ઉપયોગ થઈ રહ્યો છે. જેના પર હવે પ્રતિબંધની જરૂર છે.

હવે ૩૧મી ડિસેમ્બર ૨૦૨૨ બાદ અમદાવાદમાં ૧૨૦ માઈક્રોનથી પાતળી કેરીબેગનો પણ ઉપયોગ નહિ કરી શકાય. આ પ્લાસ્ટિકની કેરીબેગના વેચાણ, ઉપયોગ, સંગ્રહ અને ઉત્પાદન સામે પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો છે. તે ઉપરાંત ગૂંથાયેલી ન હોય તેવી કેરીબેગ પણ ૬૦ ગ્રામ પ્રતિ. ચોરસ મીટરથી ઓછી ન હોવી જોઈએ તેવી સ્પષ્ટ જોગવાઈ થઈ છે.

## રાજ્યના પોલીસકર્મીઓને આધુનિક સુવિધાથી સજ્જ રહેવા માટે ઘર મળશે, અમિત શાહ લોકાર્પણ કરશે

ગાંધીનગર,

ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, રાજ્યના પોલીસ કર્મીઓને માળખાકીય સવલતોના લાભા થકી સુવિધાઓ પુરી પાડવા રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કરીને અનેક વિધ પ્રોજેક્ટ હાથ ધર્યા છે. જે અંતર્ગત આગામી તા. ૨૯ મે ના રોજ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહના હસ્તે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતીમાં ખેડા જીલ્લાના નડિયાદ ખાતેથી રાજ્યના પોલીસ વિભાગ માટે ગુજરાત પોલીસ હાઉસીંગ કોર્પોરેશન દ્વારા બાંધવામાં આવેલ કુલ-૫૭ નવનિર્મિત રહેણાંક અને બિન રહેણાંક મકાનોના લોકાર્પણ કરાશે. આ ઉપરાંત એજ દિવસે અમદાવાદના મણીનગર ખાતે દુનિયાના વિકસીત દેશોમાં જે સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ છે તેવું અદભૂત અધ્યતન ટેક્નોલોજીથી યુક્ત નિર્માણ થનાર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષનું ખાત મુર્હુત પણ કરવામાં આવનાર છે. મંત્રી સંઘવીએ ઉમેર્યુ કે, વધતા જતા સાયબર ક્રાઈમના ગુનાઓને રોકવા તથા આરોપીઓને ઝડપથી સજા થાય તે માટે સૌરાષ્ટ્ર વિસ્તારના નાગરિકોને સુવિધા પુરી પાડવા રાજકોટ ખાતે અધ્યતન ટેક્નોલોજીથી સજ્જ નવુ સાયબર ક્રાઈમ યુનિટ ઉભુ કરાયુ છે. જેમાં ઈન્ટોગ્રેશન રૂમમાં વિડીયો કેમેરા સાથે ઓડિયો થેરાપી સહિતની સુવિધાઓ ઉપલબ્ધ બનાવાઈ છે. મંત્રી સંઘવીએ ઉમેર્યુ કે, કેન્દ્રીય ગૃહ મંત્રીના વરદ હસ્તે ખેડા સહિત રાજ્યના અન્ય ૨૫ જીલ્લાઓ ખાતે તૈયાર થયેલ પોલીસ વિભાગના મકાનોનું ઈ-લોકાર્પણ કરવામાં આવશે. આ તમામ જીલ્લાઓના મુખ્ય મથક ખાતે પણ લોકાર્પણ પ્રસંગે કાર્યક્રમો યોજવામાં આવશે જેમાં સંબંધિત જીલ્લાના પ્રભારી મંત્રી અને સ્થાનિક આગેવાનો અને અધિકારીઓ/ પદાધિકારીઓ પણ હાજર રહેશે. મંત્રી સંઘવીએ ઉમેર્યુ કે, રાજ્ય પોલીસને સતત વધુ મજબૂત અને વધુ કાર્યક્ષમ બનાવવા રાજ્યની સરકાર છેલ્લાં બે દાયકાથી કટિબ્ધ્ધ છે. પોલીસ વિભાગની રોજીંદી કામગીરી માટે આવશ્યક એવા પોલીસ સ્ટેશન, પોલીસ હેડ ક્વાર્ટર, અલગ-અલગ સ્તરના અધિકારીઓની કચેરીઓ સહિતના પોલીસને લગતાં મકાનો અધ્યતન બને અને તેમાં નાગરિકોને પૂરતી સુવિધાઓ મળી રહે તે માટે તથા પોલીસ કર્મચારીઓને ભાડામુકત રહેઠાણની સુવિધા મળી રહે તેને રાજ્ય સરકાર દ્વારા પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ગુજરાત પોલીસ હાઉસીંગ કોર્પોરેશન દ્વારા રાજ્યના તમામ પોલીસ કર્મચારીઓને રહેવા માટે મકાનો પૂરા પાડી શકાય અને પોલીસ વિભાગની કામગીરીને વધુ કાર્યક્ષમ બનાવી શકાય તેવા બિનરહેણાંક મકાનો બનાવવા માટે ચોક્ક્સ એકશન પ્લાન સાથે કામ કરે છે. જેના ભાગ રૂપે ગુજરાત પોલીસ આવાસ નિગમ દ્વારા હાલમાં ગુજરાત પોલીસ માટે ઉત્તમ સુવિધા ધરાવતા ગુણવત્તાયુકત નવનિર્મિત રહેણાંક અને બિન રહેણાંક આવાસો તેમજ નવીન પોલીસ સ્ટેશનો મળી કુલ-૫૭ કામો પૂર્ણ કરાયા છે. જેનું લોકાર્પણ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે કરવામાં આવનાર છે.



મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# લુણાવાડા ખાતે રૂ.ર.૩૫ કરોડના ખર્ચે અદ્યતન સુવિધાયુકત ચેરીટ ભવનનું વર્ચ્યુઅલ ભૂમિપૂજન

લુણાવાડા,
મુખ્યમંત્રીએ રાજયના ચેરિટી તંત્રને ચાર કરોડ જેટલા ડોક્યુમેન્ટસના ડિજિટલાઈઝેશનની ભગીરથ કામગીરી પૂર્ણ કરવા માટે આ અવસરે અભિનંદન પાઠવ્યા હતા.

આ રેકર્ડનું ડિજિટલાઈઝેશન થવાથી હવે લોકોને ઘરે બેઠા પોતાના ટ્રસ્ટની માહિતી મળી રહેશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલા ડિજિટલ ઈન્ડીયાના સંકલ્પને પાર પાડવામાં ચેરિટી તંત્રના યોગદાનની તેમણે સરાહના કરી હતી.

ભૂપેન્દ્ર પટેલે રાજયના બધા જ જિલ્લાઓમાં અદ્યતન સુવિધા સભર ચેરિટી ભવનોના નિર્માણથી ટ્રસ્ટના કામ સરળતાએ અને ઝડપી થાય તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ હોવાનું જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ ગાંધીનગર ખાતે રાજયના આઠ જિલ્લાઓના નવા ચેરિટી કચેરી ભવનોના વર્ચ્યુલ ઈ-ખાતમુહૂર્ત કરતાં જણાવ્યું કે, રાજ્યમાં નોંધાયેલા સાડા ત્રણ લાખ જેટલા ટ્રસ્ટની કામગીરીના નિયમન અને મદદ માટે ચેરિટી તંત્રએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં સંખ્યાબંધ સુધારાઓની પહેલ કરેલી છે.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

હવે, આ નવી બનનારી ચેરિટી કચેરીઓના ભવનોના કારણે લિટીગન્સને સરળતાથી ન્યાય મળશે. ઉપરાંત, આધુનિક ભવનો થવાથી ચેરિટીને લગતી કામગીરી માટે લોકોને અગાઉ જે અલગ-અલગ સ્થળોએ જવું પડતું તેનું પણ નિવારણ આવશે.

આ પ્રસંગે કાયદામંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ રાજયના તમામ ધાર્મિક અને સખાવતી ટ્રસ્ટોનો વહીવટ સમાજના વિશાળ હિતને લાગુ પડતો હોવાથી આવા ટ્રસ્ટોની મિલકતો સમાજના હિતમા ઉપયોગી થાય અને વહીવટદારો તેનો સુયોગ્ય વહીવટ કરે તેવા ઉમદા હેતુથી રાજયના ચેરીટીતંત્રને વધુ સુદ્દઢ બનાવવા માટે આ વધુ આઠ જીલ્લાઓમાં ચેરીટી કચેરીઓના નવા ભવનનુ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે આ ઓનલાઈન ભૂમિપૂજન કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું.

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ રાજયમાં ચેરીટીતંત્રને વધુ સુદ્રઢ બનાવવા માટે આ નિર્ણય કરાયો હોવાનું મંત્રીએ ઉમેર્યુ હતું.

રાજયની આઠ જિલ્લાઓની સાથે મહીસાગર જિલ્લામાં રૂા. ૨.૩૫ કરોડના ખર્ચે નિર્માણ પામનાર અદ્યતન સુવિધાયુકત ચેરિટી ભવનનું પણ ગાંધીનગર ખાતેથી મહીસાગર-લુણાવાડના કલેકટરાલય ખાતેના કોન્ફડરન્સ હોલમાં ઈ-ખાતમુહૂર્ત તકતીનું અનાવરણ કરીને કરવામાં આવ્યું હતું.

મહીસાગર-લુણાવાડા ખાતે આકાર પામનાર આ ચેરિટી ભવનનું અદ્યતન સુવિધાયુકત મકાન માટે પોલીસ હેડકવાર્ટરની નજીક ૨૦૦૦ ચો.મી. જમીનની ફાળવણી કરવામાં આવી છે જયાં આ ભવન આકાર પામશે.

મુખ્યમંત્રીએ રાજયમંત્રી દેવાભાઈ માલમ, કાયદા સચિવ રાવલ, ચેરિટી કમિશનર શુકલા અને વરિષ્ઠ અધિકારીઓ અને જિલ્લા મથકોએ અધિકારીઓની ઉપસ્થિતિમાં આ ચેરિટી કચેરીઓના વર્ચ્યુઅલ ખાતમૂર્હત કર્યા હતા.

મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ગાંધીનગર ખાતેથી કરવામાં આવેલ આ ઈ-ખાતમુહૂર્ત પ્રસંગે મહીસાગર-લુણાવાડા ખાતે કલેકટરાલય ખાતે જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણી, અધિક નિવાસી કલેકટર એ. આઈ. સુથાર, મદદનીશ ચેરિટી કમિશનર ડી. જે. મેકવાન, સંબંધિત વિભાગોના અધિકારીઓની સાથે જિલ્લાની વિવિધ સેવાભાવી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, વકીલઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુરના ફળવા ગામે જાતિના બોગસ પ્રમાણપત્રના આધારે બે-બે લાભ લેતાં તપાસની માંગ કરી

સંતરામપુર,
સંતરામપુર તાલુકાના ફળવા ગામે કોકીલાબેન ડામોર જાતિ અંગેના પ્રમાણપત્ર અલગ-અલગ રજૂ કરીને બેવડો લાભ લેતા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી. સંતરામપુર તાલુકાના ફળવા ગામે કટારા રમણભાઈ નારસિંગભાઈ ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી કે ફળવા ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી ૨૦૨૧ સરપંચ પદે અનુસૂચિત જાતિ સ્ત્રી બેઠકનું આદિજાતિ એસ.ટી બોગસ પ્રમાણ પત્ર રજૂ કરેલા હોય અને રદ કરવા અને ગેરલાયક ઠરાવવા માટે ઉચ્ચ કક્ષાએ અને મામલતદારને રજૂઆત કરાઈ હતી. સંતરામપુર તાલુકાના ફળવા ગામના જાગૃત નાગરિક રમણભાઈ કટારા જણાવેલું કે, સરપંચ પદના ઉમેદવાર તરીકે આદિજાતિ એસટીની બેઠક ઉપર કોકીલાબેન દીપાભાઈ ડામોર સરપંચ પદ તરીકે ઉમેદવારી નોંધાવી હતી. ફળવા ગામની અંદર આદિજાતિ નાગરિકો ૭૩ એ એ ની નોંધ નંબર ૨૭૩ તારીખ ૧-૪-૧૯૮૨ મુજબ ઉમેદવારના પિતા મીરાબાઈ પ્રતાપભાઈ ખાંટના પેઢીનામા જાતિના આદિજાતિ એસ.ટી સમાવેશ થયેલ નથી. જેથી કોકીલાબેન વીરાભાઈ ખાંટ, પ્રતાપભાઈ ખાંટ પેઢીનામા જાતિનો આદિજાતિ ક્ષત્રિય સામાજિક સેક્સ અને પછાત વર્ગમાં સમાવેશ થયેલ છે અને શરદ ઉમેદવાર જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી કચેરી ગોધરા ખાતે ૨૯-૫-૨૦૦૦ના રોજ એસઈબીસી પ્રમાણપત્ર ૬૭૧૨ થી મેળવેલ છે અને આ એસબીઈસી પ્રમાણપત્રના આધારે BA Mphil સુધીનો અભ્યાસ તેમજ ફળવા ગામના આંગણવાડી એકમાં કાર્યકર તરીકે છેલ્લા ઘણા વર્ષોથી ફરજ બજાવે છે. એસઈબીસી પ્રમાણપત્રથી સરકારી લાભો મેળવે છે. નાયબ મામલતદાર સંતરામપુર કચેરીમાંથી પ્રમાણપત્ર નંબર ૬૨૫ તારીખ ૨૬-૨-૧૯૯૮ ના રોજ જનજાતી એસટીનું પ્રમાણપત્ર ખોટા પુરાવા રજૂ કરીને મેળવેલ છે અને આ એસટી પ્રમાણપત્રના આધારે ફરવા ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી ૨૦૨૧ના રોજ આદિજાતિ મહિલા અનામત બેઠકો પર ૨-૧૨-૨૦૨૧ રોજ સરપંચ તરીકે ઉમેદવારી નોંધાવી હતી એટલું જ નહીં સરદાર નાગરિક પાસે બે-બે જાતિના પ્રમાણપત્રના આધારે બેવડા લાભ મેળવવા ખોટા એકરારનામું કરી ઘણી બધી માહિતી સરપંચ તરીકે ઉમેદવારીમાં છુપાવેલી છે. આ બાબતે યોગ્ય તપાસ કરવામાં આવે ઘણું બધું હકીકત બહાર આવી શકે છે. તમામ પુરાવો રજૂ કરવામાં આવેલા છે અને સરકારના બેવડા લાભોનો થતા નુકશાનોની તાત્કાલિક તપાસ થવી જોઈએ. ફળવા ગ્રામ પંચાયતના રમણભાઈ કટારા મામલતદાર અને ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી હતી.

# હડમતિયા (મલેકપુર) ખાતે યોજાયેલ કિસાન ગોષ્ઠિ સહ પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા

લુણાવાડા,
મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના હડમતિયા(મલેકપુર) ખાતે આત્મા પ્રોજેકટ, મહીસાગર અને બાગાયત વિભાગના સંયુક્ત ઉપક્રમે કિસાન ગોષ્ઠિ સહ પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીએ પર્યાર્વરણ, પાણી બચાવવા અને ધરતીને ઝેરમુકત કરવા પ્રાકૃતિક ખેતી ઉત્તમ વિકલ્પ હોવાનું જણાવી ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વળવા અનુરોધ કર્યો હતો.

લાખાણીએ ખેડૂતોને પહેલાં બીજની પસંદગી કરવાની સાથે બીજને



સંસ્કારિત કરી વાવણી કર્યા બાદ જીવામૃત થકી પધ્ધતિસર પ્રાકૃતિક ખેતી કરવાનું જણાવી પ્રાકૃતિક ખેતી કરવાથી જમીનમાં ઓર્ગેનિક કાર્બન પ્રમાણ વધવાની સાથે અળસિયા અને સૂક્ષ્મ જીવાણુની વૃધ્ધિ થવાની સાથે ઉત્પાદનમાં વધારો થતો હોવાનું કહ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારી લાખાણીએ પ્રાકૃતિક ખેતીથી થતાં લાભો અંગેની જાણકારી આપી ખેડૂતોને હવે રાસાયણિક ખેતીને તિલાંજલી આપી પ્રાકૃતિક ખેતી અપનાવી ધરતીને ઝેરમુક્ત બનાવવા અંગેની સમજ આપી હતી. પ્રાકૃતિક ખેતી કરવાની દીશામાં આ એક સામુહિક પ્રયાસ હોવાનું જણાવી પ્રાકૃતિક ખેતીમાં છોડના આરોગ્ય પર નહીં પણ જમીનના આરોગ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતું હોવાની સાથે આ પદ્ધતિ દેશ ગાય પર આધારિત હોવાથી પાકને જરૂરી તમામ પોષક તત્વો મળી રહેતા હોવાથી માનવ આરોગ્ય અને સ્વસ્થ્ય માટે પણ ઉપકાર હોવાનું કહ્યું હતું.

પ્રાકૃતિક ખેતીથી થતાં ફાયદા વર્ણવતાં જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી કરવાથી જમીનની ભેજ સંગ્રહ ક્ષમતા, ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય છે, માત્ર એક દેશી ગાયાના ગોબર-ગોમૂત્રથી ૩૦ એકર જમીનમાં ખેતી થઇ શકે, નહીંવત ઉત્પાદન ખર્ચ અને વધારે ભાવ મળવાની સાથે પાણીની બચત થાય છે તેટલું જ નહીં પણ પર્યાવરણ અને માનવીય સ્વાસ્થ્યનું રક્ષણ, પોષણ અને સંવર્ધન પણ થતું હોવાથી સ્વાવલંબનનું નિર્માણ થાય છે.

આ પ્રસંગે સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતીનો એવોર્ડ પ્રાપ્ત કરનાર અને ગુજરાતના કન્વીનર સંત પ્રફુલભાઈ સેંજલિયાએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના નિષ્ણાતો દ્વારા આપવામાં આવતી જાણકારી પ્રાપ્ત કરીને પ્રાકૃતિક ખેતી તરફ વળવાનો અનુરોધ કરી પ્રાકૃતિક ખેતી કેવી રીતે થઇ શકે તેની સંપૂર્ણ જાણકારી મેળવી પ્રાકૃતિક ખેતી અપનાવવા જણાવ્યું હતું. તેમણે વધુમાં જિલ્લામાં જ્યારે પણ પ્રાકૃતિક ખેતીની તાલીમ શિબિરો યોજવામાં આવે ત્યારે તેમાં પણ ભાગ લઇ પ્રાકૃતિક ખેતીથી તાલીમબધ્ધ થવાની સાથે પ્રાકૃતિક ખેતી અપનાવી રહેલા ખેડૂતોની તથા તેમના ખેતરની મુલાકાત લઇ તેઓની પાસેથી માર્ગદર્શન મેળવતા રહેવા સુચવ્યું હતું.

સેંજલિયાએ હડમતિયા ખાતે યોજવામાં આવેલ કિસાન ગોષ્ઠિ સહ પ્રાકૃતિક કૃષિ શાળા પ્રતિ આનંદની લાગણી વ્યક્ત કરી સંબંધિત વિભાગો દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના જે લાભા-લાભ અંગે વિગતવાર જાણકારી આપવામાં આવતાં આવી કાર્યશાળાના આયોજન બદલ આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે મહીસાગર એસપીએનએફ પ્રોડ્યુસર કંપની લિમીટિડ અને કેકે મહીસાગર એસપીએનએફ પ્રોડયુસર કંપની લિમીટેડના પ્રતિનિધિઓએ પણ ઉપસ્થિત રહીને ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિશે અને તેનાથી થતાં લાભા-લાભ વિશે વિગતવાર જાણકારી આપી હતી. જિલ્લા ખેતીવાડી અધિકારીએ પ્રારંભમાં સ્વાગત પ્રવચન કરી સૌને આવકારી આ કાર્યશાળાનો હેતુ સ્પષ્ટ કર્યો હતો.

આ પ્રસંગે હડમતીયા ગામના સરપંચ, નાયબ બાગાયત નિયામક, આત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટર, ખેતીવાડી વિભાગના અધીકારીઓ, આત્મા એ.ટી.એફ. અને બી.ટી.એસ.ના અધીકારીઓ-કર્મચારીઓઅને ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુરના કેળામુળ પાસે જાનૈયા લઈ જતી તુફાન ગાડી પલ્ટી જતાં ૧૫ લોકોને ગંભીર ઈજાઓ : ત્રણ વર્ષીય બાળકીનું મોત

સંતરામપુર,
સંતરામપુરના કેળામુળ પાસે તુફાન ગાડીના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા ગાડી પાંચ ફુટ ખાડામાં પલ્ટી મારીને ખેતરમાં પડ હતી. ગાડીમાં સવાર ૧૩ વ્યકિતઓને ગંભીર ઈજાઓ જયારે એક બાળકનું મોત નિપજાવા પામ્યું હતું. ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે સારવાર અર્થે સંતરામપુર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ સંતરામપુરના કેળામુળ પાસેથી


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

પસાર થતી તુફાન ગાડીના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા તુફાન ગાડી ૫ ફુટ ખાડામાં પડી હતી. ગાડી પલ્ટી જતાં ગાડીમાં સવાર ૩૦ જેટલા જાનૈયાઓ બુમાબુમ કરી મુકતા લોકો દોડી આવ્યા હતા અને બહાર કાઢવામાં આવતાં ૧૫ જેટલા લોકોને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જયારે ત્રણ વર્ષીય બાળકીને ગંભીર ઈજાઓ થતાં મોત નિપજાવા પામ્યું હતું. તુફાન ગાડીમાં જાનૈયાઓ મોડાસા તરફ જઈ રહ્યા હતા. તુફાન ગાડી પલ્ટી જતાં ખુશીનો પ્રસંગ માતમમાં ફેરવાઈ ગયો હતો. ગાડીનો ચાલક વાહન છોડીને નાશી છુટીયો હતો. ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં તેમજ ગોધરા અને લુણાવાડા ખાતે ખસેડવામાં આવ્યા છે.

**ઈજાગ્રસ્તો.....**
સવિતાબેન મહેન્દ્રભાઈ ખાંટ
વસ્તીબેન શૈલેષભાઈ ખાંટ
મહિપાલભાઈ બાબુભાઈ ડીંડોર
રોહિત રમેશભાઈ ડીંડોર
રાકેશભાઈ
શાંતાબેન શાંતિલાલ ડામોર
સુનિતાબેન મહેન્દ્રભાઈ

# નાના નટવા ગામે આપ પાર્ટીના સમર્થનમાં મીટીંગ યોજાઈ

સંતરામપુર,
નાના નટવા ગામમાં ગામડું બેઠક મીટિંગનું આયોજન મોતીભાઈ ડિંડોરની આગેવાનીમાં તેરસિંગભાઈ મુંડવાડાના ઘરે યોજાઈ. જેમાં પર્વતભાઈ ડામોર, પીન્ટુભાઈ સોલંકી, જસવંતભાઈ વણકર, ફરૂખભાઈ શેખ, અભેસિંહભાઈ હાજર રહ્યા હતા.




મીટિંગમાં ગામના આગેવાનો વડીલો અને યુવાનો હાજર રહ્યા હતા અને કેજરીવાલજીની કાર્ય કરવાની નીતિથી જોઈને હોંશે હોંશે આમ આદમી પાર્ટીમાં ખેસ ધારણ કરીને જોડાયા હતા. વડીલોએ ખાસ તેમના ગામની સમસ્યાઓ વિશે વાત કરી હતી અને આવનારા દિવસોમાં તેમની સમસ્યાનું સમાધાન AAP પાર્ટી જ કરી શકે તેમ છે. તેવા વિશ્વાસ સાથે સમગ્ર ગામને આપમાં જોડવાના સંકલ્પ સાથે ખૂબ ઉલ્લાસભેર ઉપસ્થિત તમામ કાર્યકરોને આવકાર્યા હતા અને આવનારા દિવસોમાં એક મોટી મીટીંગનું પણ આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું. મીટિંગ અંતે તાલુકા પ્રમુખ મોતીભાઈ ડિંડોરના એ સર્વેનો આભાર માન્યો હતો.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે ભાગ્યશાળી રહેશે. ધંધા અને રોકાણના મામલે આજે ભાગ્ય તમને સાથ આપશે. વિશેષ લોકોને મળવાથી આનંદ થશે. તમને મુસાફરી અને મનોરંજનનો આનંદ પણ મળશે.

વૃષભ : આજનો દિવસ તમારા માટે વિશેષ સાવચેતીનો દિવસ રહેશે અને તમારે તમારા ખાવા પીવાની ખાસ કાળજી લેવાની જરૂર છે. બાહ્ય ખોરાક અને પીણાને ટાળવું વધુ સારું રહેશે. ઓફિસમાં તમારા વિરોધીઓ તમારી સામે કંઈક ખોટું કરી શકે છે,

મિથુન : આજનો દિવસ તમારા માટે વિશેષ રહેશે. થોડી મહેનતથી તમને વિશેષ પ્રકારની સફળતા મળશે. તમારા સારા વર્તનથી નવા મિત્રો બનશે અને નવા પ્રોજેક્ટ્સ પર કામ પણ શરૂ થશે.

કર્ક : આજનો દિવસ તમારા માટે દરેક દ્રષ્ટિથી શુભ છે અને આજે પ્રેમ અને લગ્ન જીવનમાં આનંદનો એક અલગ પ્રકારનો સમય રહેશે. જીવનસાથી સાથે આજે તમે બહાર જવાનો કાર્યક્રમ બનાવી શકશો. આજે તમારો પરિવાર દિવસભર ઉત્સાહિત રહેશે.

સિંહ : દરેક કિસ્સામાં દિવસની શરૂઆત થોડી ધીમી રહેશે. ખૂબ પ્રયત્નો કર્યા પછી જ કોઈ પણ સંજોગોમાં સારા પરિણામ પ્રાપ્ત થશે. જો આપણે શિક્ષણમાં ધ્યાન આપીશો તો વિદ્યાર્થીઓને લાભ થશે.

કન્યા : આજે દરેક બાબતમાં ખાસ તકેદારી રાખશો અને આસપાસના લોકો સાથે દલીલોમાં ન ઉતરવું. આજે તમને કોઈ શુભ કાર્યમાં જવાની તક મળશે. અન્યની સહાયથી હૃદય પ્રસન્ન થશે.

તુલા : તુલા રાશિવાળા લોકો માટે આજનો દિવસ સામાન્ય છે. આજે તમારો દિવસ સારો રહેશે. પ્રામાણિકપણે બાંધેલા સંબંધો લાંબા સમય સુધી ચાલશે. આજે કેટલાક લોકોનું નસીબ ચમકી શકે છે.

વૃશ્ચિક : તમારા માટે આજનો દિવસ સારો છે. જેઓ રાજકારણ સાથે સંકળાયેલા છે તેઓને આજે વિશેષ સફળતા મળશે. કોઈ અનુભવી વ્યક્તિનો અનુભવ તમને લાભ આપી શકે છે. પરંતુ આ કિસ્સામાં તમારે પૈસા ખર્ચ કરવા પડશે.

ધનુ : ધન રાશિવાળાઓ માટે આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેશે અને તમે સખત મહેનત કર્યા પછી જ કોઈ પરિણામ પર પહોંચી શકશો. જીવનસાથી સાથેનો સાંજનો વિશેષ કાર્યક્રમ સફળ રહેશે.


મકર : આજનો દિવસ તમારા માટે ખુશીનો દિવસ છે. આજે તમને લાભની વારંવાર તક મળશે. આ દિવસે તમારા મિત્રો અને સંબંધીઓ પૈસા ખર્ચ કરી શકે છે . તમને ભાગ્યનો પૂરો સહયોગ મળશે.

કુંભ : આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમે દરેક બાબતમાં ખૂબ જ સક્રિય રહેશો. આજે પૈસાની તમામ પ્રકારની સમસ્યાઓ હલ થશે. સ્વાસ્થ્ય સમસ્યાઓનું સમાધાન પણ થશે.

મીન : આજે નાના ઝઘડાઓ તમારા ઘરના પરિવાર અથવા ઓફિસમાં તમારું માથું ઉંચુ કરી શકે છે. બધી બાબતો તમારી સમજણથી જલ્દીથી ઉકેલાશે. આજે તમારે વધતા જતા ખર્ચ પર સંયમ રાખવાની જરૂર છે. આજે તમે વધુ મહેનત કરશો અને તમારા વ્યવહારમાં સુધારો કરી શકશો ત્યારબાદ તમને લાભ થશે.

# કપિલ સિમ્બલે કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યું, સપાના સમર્થનથી રાજયસભામાં જશે, મોદી સરકાર ઉપર પ્રહાર કર્યા

નવીદિલ્હી,
કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી કપિલ સિબ્બલ જી-૨૩ના મુખ્ય પ્રણેતા રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, ૧૬મેના રોજ કોંગ્રેસમાંથી મે રાજીનામું આપી દીધું છે અને સમાજવાદી પાર્ટીએ તેમને રાજયસભાના ઉમેદવાર બનાવ્યા છે અને સિબ્બલે આજે સપાના સમર્થનથી રાજયસભાના સભ્ય તરીકે ઉમેદવારીપત્રક ભર્યું હતું.



કપિલ સિબ્બલે કહ્યું કે સ્વતંત્ર અવાજ ઉઠાવવો જરૂરી છે. સાથે જ તેમણે કહ્યું કે જ્યારે અપક્ષનો અવાજ ઊંચો થશે ત્યારે લોકોને લાગશે કે તે કોઈ પાર્ટીનો અવાજ નથી. મોદી સરકારને ઘેરતા સિબ્બલે કહ્યું કે અમે વિપક્ષમાં રહીને ગઠબંધન કરવા માંગીએ છીએ જે મોદી સરકારનો વિરોધ કરે છે. તેણે કહ્યું કે હું પોતે તેના માટે પ્રયત્ન કરીશ.

સિબ્બલે એમ પણ કહ્યું કે તેમને તમામ પક્ષોએ ટેકો આપ્યો છે. કપિલ સિબ્બલે પણ આઝમ ખાનના સમર્થન બદલ આભાર માન્યો હતો. તેમણે પોતે સ્પષ્ટ કર્યું કે તેઓ સપામાં સામેલ થવાના નથી, પરંતુ અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી છે. સિબ્બલે કહ્યું કે, હું ખુશ છું કે હું રાજ્યસભાનો સ્વતંત્ર ઉમેદવાર બનવા જઈ રહ્યો છું. હું હંમેશા આ દેશમાં સ્વતંત્ર અવાજ બનવા માંગતો હતો. મને ખુશી છે કે અખિલેશ યાદવ આ સમજી ગયા. જ્યારે આપણે પક્ષના સભ્યો હોઈએ છીએ, ત્યારે આપણે તેની શિસ્તથી બંધાયેલા હોઈએ છીએ.

કપિલ સિબ્બલે સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ સાથે લખનૌ સ્થિત વિધાનમંડળ પરિસર સ્થિત ટંડન હોલ પહોંચ્યા હતા. આ દરમિયાન તેમની સાથે સમાજવાદીના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સદસ્ય રામગોપાલ યાદવ પણ હાજર હતા. જયાં સિબ્બલે બન્નેની હાજરીમાં રાજ્યસભા ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવી હતી.રાજ્યસભા ચૂંટણી માટે અરજી દાખલ કર્યા પછી કપિલ સિબ્બલે મીડિયાને સંબોધિત કરતા કહ્યું કે આજે મેં અપક્ષ ઉમેદવારી ભરી છે. હું અખિલેશ યાદવ, આઝમ ખાન અને પ્રોફેસર રામ ગોપાલ યાદવનો આભાર માનીશ. જેમણે ગત વખતે પણ મારી મદદ કરી હતી. હવે હું કોંગ્રેસનો સીનિયર લીડર રહ્યો નથી. હું ૧૬ મે ના રોજ કોંગ્રેસમાંથી રાજીનામું આપી ચૂક્યો છું. હું રાજ્યસભામાં યૂપીનો અવાજ કોઈપણ દળ વગર ઉઠાવતો રહીશ. દરેક અન્યાય સામે સદનમાં અવાજ બનતો રહીશ.

સિબ્બલને સમાજવાદી પાર્ટી તરફથી મોટું ઈનામ માનવામાં આવી રહ્યું છે. તે સુપ્રીમ કોર્ટમાં આઝમ ખાનના વકીલ છે. આઝમ ખાને મંગળવારે કહ્યું હતું કે જો પાર્ટી તેમને રાજ્યસભા મોકલશે તો સૌથી વધારે ખુશી તેમને થશે. આગામી રાજ્યસભા ચૂંટણીમાં સપાના કોટામાં ત્રણ સીટો આવી રહી છે.

અખિલેશ યાદવે આ વિશે કહ્યું કે કપિલ સિબ્બલ સપાના સમર્થનથી રાજ્યસભા જઈ રહ્યા છે. કપિલ સિબ્બલ વરિષ્ઠ વકીલ છે. તેમણે સંસદમાં પોતાની વાત બરોબર રાખી છે. અમને આશા છે કે સપા અને પોતાના પક્ષ સારી રીતે રાખશે. અમે આશા રાખીએ છીએ કે અમે અમારા અને એસપીના મંતવ્યો રાખીશું.'' અખિલેશ યાદવે કહ્યું કે વધુ બે ઉમેદવારો પણ ટૂંક સમયમાં જ તેમના નામાંકન દાખલ કરશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સપા ડિમ્પલ યાદવ અને જાવેદ અલીને પણ રાજ્યસભાની ટિકિટ આપી શકે છે.કોંગ્રેસે ઉદયપુરના ચિંતન શિબિરમાં તેના પુનરુત્થાન માટે યોજના બનાવી હતી, પરંતુ તે પછી પણ પાર્ટીને એક પછી એક મોટા રાજકીય આંચકાઓનો સામનો કરવો પડી રહ્યો છે.સુનીલ જાખડ બાદ હવે પૂર્વ કેન્દ્રીય મંત્રી કપિલ સિબ્બલે પણ કોંગ્રેસને અલવિદા કહી દીધું છે. કપિલ સિબ્બલે સપાનું સમર્થન જીત્યું છે. સિબ્બલ સપાના સમર્થનથી રાજયસભામાં પહોંચશે, જે કોંગ્રેસ માટે મોટો ઝટકો માનવામાં આવે છે.સબ્બલની ગણતરી કોંગ્રેસના મોટા નેતાઓમાં થતી હતી. કપિલ સિબ્બલ યુપીએ સરકાર દરમિયાન કેન્દ્રીય કાયદા મંત્રીથી લઈને માનવ સંશાધન વિકાસ મંત્રી સુધી રહી ચૂક્યા છે, પરંતુ લાંબા સમયથી કોંગ્રેસ નેતૃત્વથી નારાજ હતા. કપિલ સિબ્બલની ગણતરી એવા કોંગ્રેસના નેતાઓમાં થાય છે જેઓ પાર્ટીને સૌથી વધુ દાન આપતા હતા. આવી સ્થિતિમાં કપિલ સિબ્બલની વિદાયને કોંગ્રેસ માટે મોટો આંચકો માનવામાં આવી રહ્યો છે.કપિલ સિબ્બલની ગણતરી કોંગ્રેસના મોટા નેતાઓમાં થતી હતી. કપિલ સિબ્બલ યુપીએ સરકાર દરમિયાન કેન્દ્રીય કાયદા મંત્રીથી લઈને માનવ સંશાધન વિકાસ મંત્રી સુધી રહી ચૂક્યા છે, પરંતુ લાંબા સમયથી કોંગ્રેસ નેતૃત્વથી નારાજ હતા. કપિલ સિબ્બલની ગણતરી એવા કોંગ્રેસના નેતાઓમાં થાય છે જેઓ પાર્ટીને સૌથી વધુ દાન આપતા હતા. આવી સ્થિતિમાં કપિલ સિબ્બલની વિદાયને કોંગ્રેસ માટે મોટો આંચકો માનવામાં આવી રહ્યો છે. સિબ્બલ પંજાબી બ્રાહ્મણ સમુદાયમાંથી આવે છે અને દિલ્હીના રાજકારણમાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકા માનવામાં આવે છે. તેમ છતાં કોંગ્રેસ કપિલ સિબ્બલને પોતાની સાથે ન રાખી શકી અને તેમણે પાર્ટીને અલવિદા કહી દીધું.

# દાહોદ શહેરના મર્ડર કેસમાં મુખ્ય આરોપીના ૭ દિવસના રીમાન્ડ મંજુર

દાહોદ,

દાહોદ શહેરનો બહુચર્ચિત એવા મર્ડર કેસમાં મુખ્ય આરોપીના મુસ્તુફાના પોલીસે ૭ દિવસ એટલે કે, ૩૧ મી મેના રોજના રિમાન્ડ મંજુર થયાં હોવાનું તેમજ અન્ય ત્રણ આરોપીઓની પણ પોલીસે ગઈકાલે રાત્રે અટકાયત કરી લીધાં ત્રણ આરોપીઓના પાંચ દિવસ એટલે કે, તારીખ ૩૦મી મેના રોજ સુધીના રિમાન્ડ કોર્ટે મંજુર કર્યા છે.

દાહોદ શહેરના એમ.જી. રોડ ખાતે ભર બજાર એવા કુકડા ચોક ખાતે યુનુસ અકબરભાઈ કતવારાવાલાને સમી સાંજે ચપ્પુના ઘા મારી મોતને ઘાટ ઉતારી નાંખવાની ઘટનાને પગલે દાહોદ શહેર સહિત જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. ત્યારે એક્શનમાં આવેલ પોલીસે ગણતરીના દિવસોમાં આ ગુન્હા પરથી ભેદ ઉકેલી નાંખી આરોપી મુસ્તુફા સાકીર ઉર્ફે બાદશાહ શેખને પોલીસે તેના મામાના ઘરે ગોધરા ખાતેથી ઝડપી પાડી પુછપરછનો ધમધમાટ આરંભ કર્યો હતો અને પુછપરછોમાં મૃતક યુનુસની જમીનની લેવડ દેવડ મામલે મોહમંદ ઉર્ફે જુજર ઈસ્માઈલ લોખંડવાલએ રૂા. ૧૦ લાખમાં સોપારી આપી હોવાનું સામે આવ્યું હતું. ત્યારે પોલીસે ગતરોજ રાત્રીના સમયે મોહંમદ ઉર્ફે જુજર ઈસ્માઈલ લોખંડવાલા, મોઈન હમીદખાન પઠાણ તથા અન્ય એક આરોપીની તેઓના આશ્રય સ્થાનેથી અટકાયત કરી લીધી હતી અને આજે ચારેય આરોપીઓને કોર્ટમાં રજુ કરવામાં આવ્યાં હતા. જેમાં હત્યાને અંજામ આપનાર મુસ્તુફાના તારીખ ૩૧મી મે સુધીના રિમાન્ડ મંજુર કરવામાં આવ્યાં હતાં અને બાકીના ત્રણ આરોપીઓના તારીખ ૩૦મી મેના રોજ સુધીના રિમાન્ડ મંજુર કરવામાં આવ્યાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ કેસમાં તમામ આરોપીઓની પોલીસે અટકાત કરી લીધી છે અને રિમાન્ડ પણ મેળવી લીધાં છે. ત્યારે રિમાન્ડ દરમ્યાન અનેક સઘળી હકીકતો બહાર આવે તેવી પુરેપુરી શક્યતાઓ જણાઈ રહી છે. જેમાં આ હત્યામાં કોઈ અન્ય ઈસમની સંડોવણી છે કે નહીં? કોઈ મોટા માથાની સંડોવણી છે કે નહીં ? વિગેરે જેવી અનેક હકીકતો તો પોલીસ તપાસમાં જ બહાર આવે તેમ છે.

# ફતેપુરા APMCની કરોડો રૂપિયાની દુકાનો મૂળ ભાડુઆતો દ્વારા પેટા ભાડુઆતના નામે મસમોટી રકમ લઈને બારોબાર વેચી દેવાના પ્રયાસો

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા ખાતે ઝાલોદ રોડ ઉપર ફતેપુરા APMC એટલે કે ફતેપુરા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ આવેલી છે. આ એપીએમસીના આગળના ભાગે એટલે કે ઝાલોદ રોડ પર મુખ્ય રસ્તા ઉપર APMCની માલિકીની કરોડો રૂપિયાની અસંખ્ય દુકાનો આવેલી છે. જેને જે તે વખતે જે તે ભાડુઆતોને ભાડાપટ્ટે કરારથી આપવામાં આવેલ છે. હાલમાં આ જૂના અને મૂળ ભાડુઆતો દ્વારા તેમને ભાડાપટ્ટે અપાયેલી દુકાનોને પેટા ભાડુઆતના નામે મસમોટી રકમ લઈને વેચી મારવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આ બાબતે ફતેપુરા એપીએમસીના



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

સત્તાધીશો કે જિલ્લાકક્ષાએથી અધિકારીઓ તપાસ કરે તે ખૂબ જ જરૂરી છે. હાલમાં ફતેપુરા એપીએમસીની કરોડો રૂપિયાની આ દુકાનોને મૂળ ભાડુઆતો ચલાવતા નથી પણ તેના બદલે પેટા ભાડુઆતો જ ચલાવી રહ્યા છે. તે પણ ઉચ્ચ અધિકારીઓ અને એપીએમસીના સત્તાધીશો દ્વારા તપાસ કરીને તે બાબતે યોગ્ય પગલાં લેવામાં આવે તે ઈચ્છનીય છે. ફતેપુરા એપીએમસીની આવેલી આ કરોડો રૂપિયાની દુકાનો જેના મૂળ ભાડુઆતો દ્વારા પેટા ભાડુઆતોને મસમોટી રકમ લઈને વેચી મારવાના પ્રયાસો અને હિલચાલને લઈને ફતેપુરા તાલુકાના વેપારીઓ અને ગ્રામજનોમાં અસંતોષ ફેલાઈ જવા પામ્યો છે. જેના પગલે ઉચ્ચ અધિકારીઓને લાગતા વળગતા સત્તાધીશોને દ્વારા જે તે મૂળ માલિકોને દુકાનો પરત આપવામાં આવે અથવા તો મૂળ માલિકોને દુકાનોની જરૂરિયાત ના હોય તો તેમની પાસેથી દુકાનો લઈને ફતેપુરા તાલુકાના જરૂરિયાતમંદ વેપારીઓને આપવામાં આવે તેવી ફતેપુરા નગરમાં વેપારીઓ અને ગ્રામજનોમાં ચર્ચાઓ ઉઠવા પામી છે.

# સંજેલીના કરંબા ગામે ઝગડાની અદાવતે ૧૪ ઈસમોના ટોળાએ પથ્થર મારો અને તોડફોડ કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના કરંબા ગામે અગાઉના ઝઘડાની અદાવત રાખી ૧૪ જેટલા ઈસમોના ટોળાએ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી, કીકીયારીઓ કરી એકના ઘર તરફ આવી છુટ્ટા પથ્થરો મારી, ઘરના નળીયાની તોડફોડ કરી તેમજ મોટરસાઈકલોની તોડફોડ કરી ભારે ધિંગાણું મચાવતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાંતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ગત તા.૨૩મી મેના રોજ કરંબા ગામે ખોબરા ફળિયામાં રહેતાં ફુલસીંગભાઈ મલાભાઈ માવી, વકલાભાઈ માલાભાઈ માવી, જોનશનભાઈ હકલાભાઈ માવી, હસમુખભાઈ મલાભાઈ માવી અન્ય ઈસમો મળી કુલ ૧૪ જેટલા ઈસમોએ પોતાના હાથમાં મારક હથિયારો લઈ ગામમાં રહેતાં સુરેશભાઈ મોતીભાઈ માવીના ઘરે અગાઉના ઝઘડાની અદાવત રાખી આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ જઈ છુટ્ટા પથ્થરો મારી તેમજ ઘરના નળીયાની અને મોટરસાઈકલોની તોડફોડ કરી નુકસાન પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે સુરેશભાઈ મોતીભાઈ માવીએ સંજેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જિલ્લામાં બે જુદી જુદી જગ્યાએ એક સગીરા અને એક પરણિતાની છેડતીના બનાવામાં પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ

દાહોદ,

પરણિતાની છેડતીનો પ્રથમ બનાવ દાહોદ તાલુકાના ટીમરડા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૪મી મેના રોજ દાહોદ તાલુકાના રાછરડા ગામે રહેતો સુરેશભાઈ કશનાભાઈ બબેરીયાએ દાહોદ તાલુકામાં રહેતી એક ૧૩ વર્ષીય સગીરા જે સમયે કુદરતી હાજતે જતી હતી. તે સમયે તેને રસ્તામાં રોકી પકડી પાડી સગીરાની છેડતી કરતાં આ સંબંધે સગીરાની બહેન દ્વારા કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ત્યારે છેડતીનો બીજો બનાવ સીંગવડ ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૫મી મેના રોજ સીંગવડ તાલુકામાં રહેતી એક લઘુમતિ કોમની પરણિતા તથા તેની સાથે અન્ય એક મહિલા મળી બંન્ને જણા સીંગવડ નગરમાંથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે ત્યાં સીંગવડ ગામે રહેતો ફીરોજભાઈ ઉર્ફે પીન્ટુભાઈ સત્તારભાઈ ઘાંચી ત્યાં આવ્યો હતો અને પરણિતાને રોકી તેણીનો હાથ પકડી લીધો હતો અને આ દરમ્યાન પરણિતા તથા તેમની સાથેની મહિલાએ બુમાબુમ કરી મુકતાં તે સમયે ફીરોજભાઈ ઉર્ફે પીન્ટુભાઈનું ઉપરાણું લઈ આવી પહોંચેલ મોઈનભાઈ રજાકભાઈ ઘાંચી, તૈયબભાઈ રજાકભાઈ ઘાંચી, વસીમભાઈ રજાકભાઈ ઘાંચી, ઈસ્માઈલભાઈ રજાકભાઈ ઘાંચી (રહે. સીંગવડ, તા.સીંગવડ, જિ.દાહોદ) અને ઈમ્તીયાઝ યુસુફભાઈ ઘાંચી (રહે. દેવગઢ બારીઆ, રહીમાબાદ કોલોની, તા. દેવગઢ બારીઆ, જિ.દાહોદ) નાઓએ પરણિતા અને તેમની સાથે અન્ય એક મહિલાને મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ જતાં આ સંબંધે છેડતીનો ભોગ બનેલ પરણિતાએ રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ BJP દ્વારા બુદ્ધિજીવી સંમેલન યોજાયું



દાહોદ,

દાહોદ ભારતીય જનતા પાર્ટી દાહોદ જીલ્લા આર્થિક સેલ તથા બુદ્ધિજીવી સેલ દ્વારા ગુજરાત ભારતનું ગ્રોથ એનિજન વિષય ઉપર પરિચર્ચા અને બુદ્ધિજીવી સંમેલન યોજાયું. જેમાં મુખ્ય વક્તા તરીકે પ્રેરકભાઈ શાહ ઉપસ્થિત રહ્યા. જેમાં જિલ્લા ભાજપ મહામંત્રી કનૈયાલાલ કિશોરી, દાહોદ શહેર ભાજપ પ્રમુખ પ્રશાંતભાઈ દેસાઈ, દાહોદ તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઈ લબાના, ગરબાડા તાલુકા ભાજપ પ્રમુખ પ્રજીતસિંહ રાઠોડ, શહેર ભાજપ મહામંત્રી અર્પીલભાઈ શાહ, દાહોદ નગર પાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ, મનોજભાઈ કિકલાવાલા, મોતેસિંહભાઈ માળી, વિનોદભાઈ રાજગોર, એપીએમસી ના ડીરેક્ટરો, વેપારી મિત્રો પાર્ટીના સૌ કાર્યકર્તાઓ હાજર રહ્યા.

# દાહોદના ઉકરડી ગામે ખાતર અને બિયારણ કીટનું વિતરણ કરાયું



દાહોદ,

આજરોજ તારીખ ૨૫ / ૦૫ ૨૦૨૨ સવારે ૧૦: ૦૦કલાકે દાહોદ તાલુકામાં કૃષિ વૈવિધ્ય કરણ કીટ વર્ષ ૨૦૨૨– ૨૦૨૩ અંતર્ગત ખાતર અને બિયારણની કીટ માટે લાભાર્થીઓને વિતરણ કરવાનું ઉકરડી ગામના આદિજાતી ખેડુતોને ચાલુ કરવામાં આવ્યું. જેમાં આદિજાતિ બીપીએલ ખેડૂતોને અંદાજે ૫૦૦૦ જેટલા લાભાર્થીઓને ૩૦૦૦ રૂપિયાની કિંમત સુધીની કીટ માત્ર ૨૫૦ રૂપીયા લોક ફાળો ભરી ઓનલાઈન કરશે તેમને આપવામાં આવે છે. સરકાર દ્વારા ઓનલાઈન કરવાની તારીખ ૦૬/૦૬/ ૨૦૨૨ સુધી લંબાવાવમાં આવી છે. જેમાં જિલ્લા ભાજપ પૂર્વપ્રમુખ સુધીરભાઈ લાલપુર વાળા, તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઈ લબાના હાજર રહ્યા.

# દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાં શ્રીમદ્ ભાગવત કથામાં રૂકમણી વિવાહ કાર્યક્રમ યોજાયો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ


ફતેપુરા,

ફતેપુરા નગરમાં ભગવદ્ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. વસંતલાલ કલાલ દ્વારા તેમની સ્વ.પત્ની જમનાબેનના સ્મરણાર્થે કથાનું આયોજન કરાયું હતું. આઠ દિવસ સુધી રાધિકા દીદીના કંઠે કથાનું રસપાન કરાયું હતું. આઠ દિવસ દરમ્યાન પોથીયાત્રા, ભાગવત કથા, રામજન્મ, કૃષ્ણ જન્મ, રૂક્મિણી વિવાહના પાત્રો સાથે મહાત્મય સમજાવ્યું હતું. તેમજ ગુરૂવારના દિવસે ભંડારો યોજાયો હતો.

# દાહોદ ખાતે સ્વસહાય જુથો માટે બેન્ક લિંકેજ અન્વયે કેશ ક્રેડિટ કેમ્પ યોજાશે

દાહોદ,

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, દાહોદ દ્વારા સ્વસહાય જુથો માટે બેન્ક લિંકેજ અન્વયે કેશ ક્રેડિટ કેમ્પ સાંસદ જસવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં આવતી કાલે તા. ૨૬ મેના રોજ યોજાશે. આ કાર્યક્રમ સ્વામી વિવેકાનંદ સંકુલ ખાતે સવારે ૮ વાગ્યેથી યોજાશે. કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના દંડક રમેશભાઇ કટારા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત પૂર્વમંત્રી તેમજ ધારાસભ્ય બચુભાઇ ખાબડ સહિતના મહાનુભાવો તેમજ અધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે.




# અમેરિકાના ટેક્સાસમાં ૧૮ વર્ષીય વિધાર્થીએ ગોળીબાર કરતા ૧૮ બાળકો સહિત ૨૩નાં મોત

વોશિગ્ટન,

અમેરિકામાં ફાયરિંગની ઘટના સામાન્ય બની ગઈ છે, હુમલાખોરો અંધાધૂંધ ગોળીબાર કરીને લોકોને મોતને ઘાટ ઉતારી દેતા હોય છે, અમનેરિકામાં ફાયરિંગની ઘટના સરકાર માટે એક પડકાર રૂપ બની ગઈ છે.૧૮ વર્ષના વિધાર્થીએ સ્કૂલમાં ગોળીબાર કર્યો હતો. આ ઘટનામાં ૧૮ બાળકો અને ૩ શિક્ષકોના મોત થયા હતાઆ અંગે રાષ્ટ્રપતિ જો બિડેને કહ્યું કે હવે સમય આવી ગયો છે કે ગોળીબારની ઘટના સામે એકશન લેવાની.અધિકારીઓના જણાવ્યા પ્રમાણે, આ હુમલાખોર પણ જવાબી કાર્યવાહીમાં માર્યો ગયો છે. ટેક્સાસ પોલીસે જણાવ્યું કે હુમલાખોર યુવક પોતાના વાહનમાંથી નીકળીને સ્કૂલમાં પ્રવેશ્યો હતો. તેની પાસે એક હેન્ડગન અને એક રાઈફલ હતી.




અમેરિકાના ટેક્સાસની એક સ્કૂલમાં સામૂહિક ગોળીબારનો મામલો સામે આવ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે અહીં ૧૮ વર્ષના હુમલાખોરે સ્કૂલમાં ગોળીબાર કર્યો હતો. આ ઘટનામાં ૧૮ બાળકો અને ૩ શિક્ષકોના મોત થયા હતા. બીજી તરફ અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને આ ઘટના પર દુખ વ્યક્ત કર્યું અને કહ્યું કે એક રાષ્ટ્ર તરીકે આપણે પૂછવું પડશે કે આપણે ભગવાનના નામે ગન લોબી સામે ક્યારે ઊભા રહીશું?

આ ગોળીબાર ટેક્સાસના ઉવાલ્ડે શહેરમાં થયો હતો. અહીં ૧૮ વર્ષના હુમલાખોરે રોબ એલિમેન્ટરી સ્કૂલમાં ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં ૧૮ વિદ્યાર્થીઓના મોત થયા હતા. જ્યારે ત્રણ શિક્ષકોએ પણ જીવ ગુમાવ્યો હતો. હુમલાખોર પણ માર્યો ગયો છે. તે ઉવાલ્ડે હાઈસ્કૂલનો વિદ્યાર્થી હતો.

હુમલાખોર વિશે મોટો ખુલાસો થયો છે.સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે હુમલાખોરે શાળાએ જતા પહેલા તેની દાદીને પણ ગોળી મારી હતી. દાદીને ગોળી વાગ્યા બાદ સાન એન્ટોનિયોમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. તેની સારવાર ચાલી રહી છે. દાદીને ગોળી મારીને હુમલાખોર ભાગી ગયો હતો. આ પછી તે શાળામાં પહોંચ્યો અને વિદ્યાર્થીઓ પર ગોળીબાર કર્યો.

ટેક્સાસ ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક સેફ્ટીએ અહેવાલ આપ્યો છે કે ઉવાલ્ડે, ટેક્સાસમાં રોબ એલિમેન્ટરી સ્કૂલમાં ગોળીબાર પહેલા હુમલાખોર સાથે બે ઘટનાઓ બની હતી. પહેલા તેણે તેની દાદીને ગોળી મારી. બાદમાં તેણે સ્કૂલ પાસે એક વાહનને પણ ટક્કર મારી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર હુમલાખોરે સ્કૂલમાં પ્રવેશતા પહેલા બુલેટપ્રૂફ જેકેટ પહેર્યું હતું. શાળામાં પ્રવેશ કરતી વખતે હુમલાખોરના હાથમાં રાઈફલ હતી. આ પછી તે સ્કૂલના અલગ-અલગ ક્લાસમાં ગયો અને ફાયરિંગ શરૂ કરી દીધું. આ અકસ્માતમાં કુલ ૨૧ લોકોના મોત થયા છે. અમેરિકામાં સામૂહિક ગોળીબારની ઘટનાઓ ઝડપથી વધી રહી છે. ગન વાયોલન્સ આર્કાઈવ અનુસાર, ૨૦૨૨માં સામૂહિક ગોળીબારની ઓછામાં ઓછી ૨૧૨ ઘટનાઓ બની હતી.

# ઈન્સ્ટાગ્રામ સેવા ઠપ્પ, યુઝરમાં રોષ ફાટી નીકળ્યો

મુંબઈ,

લોકપ્રિય સોશિયલ મીડિયા એપ્લીકેશન ઈન્સ્ટાગ્રામ ડાઉન થઈ ગયું હોવાનું જાણવા મળ્યું છે. ડાઉન ડિટેક્ટર વેબસાઈટ અનુસાર, ઈન્સ્ટાગ્રામ આઉટેજની સમસ્યાનો સામનો કરી રહ્યું છે જેના કારણે વપરાશકર્તાઓ તેમના એકાઉન્ટને ઍક્સેસ કરી શકતા નથી. ટ્વિટર, ફેસબુક જેવી અન્ય સોશિયલ મીડિયા એપ પર યુઝર્સ ઈન્સ્ટાગ્રામ ડાઉન હોવાની ફરિયાદ કરી રહ્યા છે. ખરેખર, ડાઉન ડિટેક્ટર અનુસાર, ડાઉનની સૌથી વધુ ફરિયાદો એપ્સ સાથે સંબંધિત છે. લગભગ ૪૪ ટકા ફરિયાદો એપ્સ સંબંધિત છે, જ્યારે ૩૯ ટકા સર્વર કનેક્શન અને ૧૭ ટકા વેબસાઈટ ડાઉન સાથે સંબંધિત છે. જણાવી દઈએ કે, અત્યાર સુધી એમઈટીએ તરફથી ઈન્સ્ટાગ્રામ ડાઉન થવા પર કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી. ખરેખર, એમઈટીએએ વોટ્સસોપ ઈન્સ્ટાગ્રામ અને ફેસબુકની પેરેન્ટ કંપની છે. કહેવામાં આવી રહ્યું છે કે બુધવારે સવારે ૧૦ વાગ્યાની આસપાસ ઈન્સ્ટાગ્રામ ડાઉન થવાની ફરિયાદ શરૂ થઈ હતી અને લગભગ ૧૨ વાગ્યા સુધી હજારો યુઝર્સ તેની સામે ઝઝૂમતા જોવા મળ્યા હતા. આ ફરિયાદો ભારતના તમામ મોટા શહેરોમાંથી આવતી જોવા મળી રહી છે. ટ્વિટર પર યૂઝર્સ આ અંગે સતત ફરિયાદ કરી રહ્યા છે. જણાવી દઈએ કે, આક્રોશની અસર તમામ યુઝર્સને થઈ નથી. આ સમયે એવા ઘણા યુઝર્સ છે જેઓ કોઈપણ સમસ્યા વિના આરામથી ઈન્સ્ટાગ્રામ ચલાવી રહ્યા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.232

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## જોરાપુરા(વાંગરવા)ના તલાટી આર.કે.પગીની અહોકૃપા કે બેદરકારીથી...

# ઘોઘંબા તાલુકાના જોરાપુરા (વાંગરવા) ગૃપ ગ્રામ પંચાયતમાં ભ્રષ્ટાચારની ચાલતી પાપલીલા

## તલાટી આર.કે.પગી અને સરપંચે પોતાની સત્તાનો દુરઉપયોગ કરી લાખો રૂપીયાનો ભ્રષ્ટાચાર કરી નાખ્યો હોવાની ઉઠી ફરિયાદો







ગોધરા,

ઘોઘંબા તાલુકાના જોરાપુરા (વાંગરવા) ગૃપ ગ્રામ પંચાયત વિસ્તારમાં થયેલ વિકાસના કામોમાં ભારે ગેરરીતિ કરી સરકારી નાણાંની ઉચાપત કરી હોવાની લોકચર્ચાઓ ચાલી રહી છે. છ માસ અગાઉ ગ્રામ પંચાયતની ચુંટણીમાં વિજેતા થયેલ સરપંચે સરકારી વિકાસના કામોમાં તેમજ સરકારી ગ્રાન્ટોમાં ગાબડા પાડવા માટે માહિર બન્યા હોય તેમ સ્થળ ઉપર ૫૦ ટકા થી પણ ઓછા કામો કરી એ કામો પુરા થયા હોવાનું કાગળો ઉપર બતાવી સરકારી એસ્ટીમેન્ટના નાણાં પુરેપુરા ઉપાડી ભારે ગેરરીતિ આચરી હોવાનું તેમજ કંપાઉન્ડ વોલ અને સીસી રોડમાં ભારે ગડબડી કરી હોવાના આક્ષેપો સાથે ગામના જાગૃત નાગરિકે સંબંધીત ઉચ્ચ અધિકારીઓને ઉગ્ર રજુઆત કરી નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી છે.

રાજ્ય સરકાર રાજ્યની દરેક ગ્રામ પંચાયતમાં ગામડાઓની ભોળી અને ગરીબ પ્રજાના વિકાસના કામો માટે દર વર્ષે કરોડો રૂપીયાની ગ્રાન્ટ ફાળવે છે અને ગ્રામ પંચાયતના અધિકારીઓ અને સત્તાધિશો વિકાસના કામો માટે ફાળવેલ સરકારી ગ્રાંટ કે નાણાં દ્વારા પોતાના ગામમાં વિકાસના કામો કરતા હોય છે. રાજ્યની ગણી એવી ગ્રામ પંચાયતો શ્રેષ્ઠ કામગીરી કરીને સરકારશ્રીનો એવોર્ડ મેળવતી હોય છે. તેમ કે એવી ગ્રામ પંચાયતના અધિકારી અને સત્તાધિશો પ્રજાલક્ષી એવા દ્રષ્ટાંતરૂપી કામગીરી કરતા હોય છે કે જેની નોંધ સરકાર લેતી હોય છે. ત્યારે બીજી બાજુ આજે એવી પણ કેટલીક ગ્રામ પંચાયતો છે કે, જે ગ્રામ પંચાયતોમાં તલાટી કમ મંત્રીની ભ્રષ્ટ નીતિ અને ભ્રષ્ટ સત્તાધિશો સત્તાના નશામાં ચૂર થઈ ગ્રામ પંચાયત એટલે પોતાનો કમાવતો દિકરો અને ગામની ભોળી પ્રજા એટલે તેઓની ગુલામ સમજી સરકારશ્રી દ્વારા ગરીબ પ્રજાના કલ્યાણ માટે આવેલ કરોડોની ગ્રાન્ટોમાં ખાયકીનો ખેલ ખેલી વિકાસના કામોમાં ગાબડા પાડી પોતાનું સ્વકલ્યાણ કરતા હોય છે.

સત્તામાં રહી મલાઈ ચાખવાની ટેવ ધરાવતા અને ગ્રામ પંચાયત અને ગ્રામ પંચાયતમાં આવતી સરકારશ્રીની તમામ ગ્રાન્ટો પોતાના બાપ દાદાની જાગીર હોય તેવું સમજતા સત્તાધિશોના લોભે ગામડાઓની ભોળી જનતાના લોક કલ્યાણ માટે આવેલ ગ્રાન્ટમાં ભારે ગેરરીતિ આચરી રહ્યા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. એવી જ એક પંચમહાલ જીલ્લાના ઘોઘંબા તાલુકાના જોરાપુરા (વાંગરવા) ગૃપ ગ્રામ પંચાયતના તલાટી અને સરપંચ દ્વારા અગાઉના માસમાં થયેલ કામોમાં ભારે ગેરરીતિ આચરી હોવાનું સામે આવ્યું છે.

ઘોઘંબા તાલુકાના જોરાપુરા (વાંગરવા) ગૃપ ગ્રામ પંચાયતમાં ભ્રષ્ટરૂપી તલાટી આર.કે.પગી અને છ માસ અગાઉ બનેલ સરપંચ જાણે કે, ખાવા માટે જ સર્જાયા હોય તેમ સરકારી ગ્રાન્ટોમાં મસમોટા ગાબડા પાડી અલગ અલગ યોજનાઓ અંતર્ગત કરેલ કામો હલ્કી ગુણવતાવાળી તેમજ ૫૦ ટકા થી ઓછું કામ કરી કાગળ ઉપર પુરા કામ બતાવી તે કામના પુરા નાણાં ઉપાડી ગેરરીતિ આચરી હોવાની ફરિયાદ ગ્રામજનો દ્વારા કરવામાં આવી છે. પરંતુ તેની તપાસ આજદિન સુધી કરવામાં આવી નથી કે સરકારી બાબુઓનું પેટનું પાણી હાલતું ન હોવાનું આક્ષેપો કરતાં જણાવી રહ્યા છે. તેના પાછળનું કારણ સમજાતું નથી ? કે પછી .....?

ગ્રામ પંચાયતની દરેક ચુંટણીમાં સરપંચ પદ માટે ચુંટણી લડતા દાવેદારો ગામની દરેક ભોળી પ્રજાને અનેક આશ્વાસનો અને વાયદાઓ કરતા હોય છે. પરંતુ ચુંટણી જીત્યા બાદ આજ સરપંચો વિકાસના કામોમાં મસમોટા ગાબડાઓ પાડી પોતાનું સ્વકલ્યાણ કરતા હોય છે. એવું જ કંઈક જોરાપુરા (વાંગરવા)ની ગૃપ ગ્રામ પંચાયત વિસ્તારમાં સામે આવી રહ્યું છે. ચુંટાયેલા સરપંચ અને ભ્રષ્ટરૂપી તલાટીએ એવી કલાકારી કરી કે, ચાર માસમાં જ લાખો રૂપીયાના કામો ખાલી કાગળો ઉપર બતાવી સરકારી નાણાં ઉપાડી સરકારી તિજોરીને ચુનો ચોપાડી પોતાની જાતને શાહુકાર સમજી રહ્યા છે અને બીજી બાજુ ગામના લોકોના વિકાસના કામો માટે રઝળપાટ થવા પામ્યા છે.

> - તલાટી આર.કે.પગી અને સરપંચે સરકારશ્રી દ્વારા આવેલ ગ્રાન્ટોમાં ભારે ગેરરીતિ કર્યા હોવાના આક્ષેપો.
> - આ તો કેવી ગોલમાલ... તલાટી આર.કે.પગી અને સરપંચે અધુરા કામો કર્યા અને કાગળ ઉપર પુરા કામો બતાવી ખાયકીનો ખેલ ખેલી નાખ્યો.

જોરાપુરા (વાંગરવા) ગૃપ ગ્રામ પંચાયતના વિસ્તારોમાં આવેલ વર્ગ પ્રા.શાળામાં ટી.એસ.પી. યોજના અંતર્ગત પેવર બ્લોક બેસાડવા માટે સરકાર દ્વારા જે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. તે ગ્રાન્ટ મુજબ કે એસ્ટીમેન્ટ મુજબ સ્થળ પર ૫૦ ટકા થી ઓછું કામ કરી કાગળ ઉપર પુરુ કામ બતાવી આ ગ્રાન્ટના પુરેપુરા નાણાં ઉપાડી લેવામાં આવ્યા હોવાના ગ્રામજનો એ ફરિયાદ કરી છે. તેમજ ગામમાં આવેલ આંગણવાડીની કંપાઉન્ડ વોલ બનાવવામાં આવેલ છે. તે કંપાઉન્ડ વોલમાં બે માસમાં જ મોટમોટી તિરાડો પડી ગઈ છે. ત્યારે સવાલ એ થાય છે કે, આંગણવાડીમાં ભણતા ભુલકાઓ માટે આ કંપાઉન્ડ વોલ જોખમી સાબિત થશે કે પછી આ કંપાઉન્ડ વોલની તિરાડ પડેલ દિવાલ નાના ભુલકાઓ માટે યમરાજ બનશે તેવી હાલતમાં છે. તેમજ મળતી માહિતી મુજબ બે માસ અગાઉ ગામની વર્ગ પ્રા.શાળાને જોડતો સીસી રોડ બનાવવામાં આવેલ છે. તે રોડમાં હલ્કી ગુણવતાવાળી સામગ્રી વાપરી અને તકલાદી સીસી રોડ બનાવી તેમાં પણ ભારે ગેરરીતિ આચરી હોવાની બુમો ઉઠવા પામી છે.

છ માસ અગાઉ બનેલા સરપંચ અને જોરાપુરા (વાંગરવા) ગૃપ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રીએ બે-ચાર માસમાં જ સરકારી ગ્રાન્ટોમાં લાખો રૂપીયાના ગાબડા પાડી મસમોટું ભ્રષ્ટાચાર આચરી હોવાનું જાગૃત નાગરિકો દ્વારા જાણવા મળેલ છે. ત્યારે સવાલ એ થાય છે કે, આવનાર સમયમાં કે તેઓના બાકી રહેલ સાડા ચાર વર્ષના કાર્યકાળમાં હજી કેટલી ગેરરીતિ આ સરપંચ અને તલાટી આચરશે તેવો એક સવાલ ગ્રામજનોન સતાવી રહ્યો છે. તો શું...? ઘોઘંબા તાલુકા વિકાસ અધિકારી આવા ભ્રષ્ટરૂપી તલાટી અને સરપંચ ઉપર લગામ લગાવે તે જરૂરી બન્યું છે.

## જોરાપુરા (વાંગરવા) વિસ્તારમાં થયેલ વિકાસના કામો અંગેની અને તેમાં થયેલ ગેરરીતિઓની જીલ્લાકક્ષાએથી સ્થળ તપાસ થાય તેવી માંગ

## ઘોઘંબાના પરોલી ગામે વહેલી સવારે નદીમાં દીપડો દેખાતા લોકોમાં ભયનો માહોલ


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના પરોલી ગામે આજે સવારે છ વાગ્યાના અરસામાં નદી કિનારે આવેલા ઘર પાસે દીપડો દેખાતા બૂમાબૂમ કરી હતી. જેથી દીપડો નદી તરફ ભાગ્યો હતો. જ્યાં યુવાનો દ્વારા નદીમાં જોતા દીપડો કૂતરાનો શિકાર કરી ઝાડીમાં ભરાઈ ગયો હતો. દિપડાને ભગાડવા સ્થાનિકો દ્વારા સુતળી બોમ ના ધડાકા કર્યા હતા. પરંતુ દીપડો બહાર આવ્યો નહીં.

નદીમાં દીપડો સંતાયો હોવાથી ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળ્યો છે. માનવભક્ષી બને તે પહેલાં તેને પાંજરે પુરવામાં આવે તે જરૂરી બન્યું છે.

## કાલોલના અડાદરા ગામે સ્ટેટ મોનીટરીંગ સેલ ની રેઈડ : દારૂ સાથે ૪ ઈસમોને ઝડપ્યા

કાલોલ,

કાલોલ તાલુકાના અડાદરા હાથી ચોક ફળીયામાં રહેતા ઈસમ પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી ધંધો કરતા હોય બાતમીના આધારે સ્ટેટ મોનીટરીંગ સેલે રેઈડ કરી દારૂની બોટલ, પોલીથીન થેલીઓ મળી ૮,૦૫૦/-રૂપીયા રોકડ, મોબાઈલ, મોટર સાયકલ મળી ૫૮,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ચાર ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના અડાદરા ગામે હાથી ચોક ફળીયામાં રહેતા ભરત ઉર્ફે જેણો નટવરભાઈ જાદવ પોતાના ઘરમાં ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ રાખીને ધંધો કરતા હોય તેવી બાતમીના આધારે સ્ટેટ મોનીટરીંગ સેલએ રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન પંકજ નટવરભાઈ જાદવ, નરેન્દ્રસિંહ દિપસિંહ પરમાર, કરણકુમાર નરેન્દ્રસિંહ પરમાર, પ્રદિપ પ્રવિણસિંહ જાદવ પકડાઈ જવા પામ્યો હતો. પોલીસ તપાસમાં ઈંગ્લીશ દારૂની નાની મોટી બોટલો, બીટર ટીન તથા પાઉચની થેલીઓ મળી નંગ-૭૫ રૂપીયા ૮,૦૫૦/- , રોકડા ૪,૯૫૦/-રૂપીયા, મોબાઈલ ફોન નંગ-૪, મોટર સાયકલ મળી ૫૮,૦૦૦/-રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. પોલીસની રેઈડ દરમિયાન નટવર ઉર્ફે જેણો કનકસિંહ જાદવ તથા દારૂ પુરો પાડનાર મળી આવ્યા ન હતા. આ બાબતે વેજલપુર પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

### હાલોલની રાધે ઉપવન સોસાયટી તસ્કરો માટે સ્વર્ગ સમાન

## સોસાયટીના રહેણાંક મકાનમાં ચોરી કરી ચોર ફરાર : રહીશોમાં ભયનો માહોલ



હાલોલ,

હાલોલ ટોલનાકા સર્કલ પાસે આવેલી રાધે ઉપવન સોસાયટીમાં રહેતા રીતેષ સુભાષચંદ્ર જૈન ગતરાત્રે પોતાના ઘરની બહાર સૂતા હતા. તે દરમિયાન રાત્રિના સમયે તસ્કરોએ ઘરના પાછળના રૂમના દરવાજાનો લોક તોડી ઘરમાં ઘૂસી સોનાના દાગીના હતા. રોકડ સહિત અઢી લાખનો મુદ્દામાલ ચોરી કરી ગયા હતા. જેની જાણ મકાન માલિક દ્વારા હાલોલ પોલીસને કરવામાં આવી હતી.

હાલોલ શહેરના છેવાડે આવેલી રાધે ઉપવન સોસાયટીના ઘર નંબર-૩૬માં રેહતા રિતેષ સુભાષચંદ્ર જૈન ઘર બહાર સૂતા હતા. તે દરમિયાન સિક્યુરિટી રાઉન્ડ મારવા માટે નીકળ્યો હતો. જ્યાં ઘર પાસે એક યુવાને ઊભેલો જોતાં તેની નજીક જવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે ચોર ઈસમે ગાર્ડ અને પથ્થર મારતા જોરથી બૂમો પાડી હતી. બૂમો સાંભળી ઘર બહાર સૂતેલા રિતેષ જેને ઘરમાં તપાસ કરતા ઘરના દરવાજાનું લોક તૂટેલું હતું તથા ઘરની તિજોરીનો સામાન વેર વિખેર હતો. તેની તપાસ કરતાં સોનાના દાગીના તથા રોકડ રકમ ગાયબ હતી. તેથી રાત્રિના સમયે તાત્કાલિક પોલીસને ટેલિફોનિક જાણ કરવામાં આવી હતી. સ્થાનિકો દ્વારા રાધે ઉપવન સોસાયટીના બિલ્ડરે કોઈપણ જાતની સુરક્ષા આપવામાં આવેલ નથી. સીસીટીવી પણ લગાવવામાં આવ્યા નથી. સોસાયટીની બાજુ ખુલ્લા ખેતરો છે. જેમાંથી કોઈપણ ચોર તત્વો આસાનીથી સોસાયટીમાં પ્રવેશી શકે છે, તેવા આક્ષેપો કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ આ સોસાયટીમાં ચોરીના બનાવ બને છે પરંતુ આ ઘટનાને બહાર આવવા દીધી નથી. તેવો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો.

## ગોધરાના લીલેસરા જી.ઈ.બી. કચેરીના કંપાઉન્ડ માંથી ૩ ટન સ્કેપ અર્થ વાયરની ચોરી

ગોધરા,

ગોધરાના લીલેસરા જી.ઈ.બી. ઓફિસની બહાર કંપાઉન્ડમાં મૂકી રાખેલ સ્કેપ અર્થ વાયર ૩ ટન કિંમત ૧ લાખની કોઈ ચોર ઈસમ ચોરી કરી જતાં આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા લીલેસરા જી.ઈ.બી. (જેટકો) ઓફિસની બહાર કંપાઉન્ડમાં સ્કેપ અર્થ વાયર આશરે ૩ ટન કિંમત ૧,૦૦,૦૦૦/ રૂપીયા મૂકી રાખેલ હતો. તે ૨૦ મેના રાત્રીના સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી ગયેલ હોય આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## લગ્ન ગ્રંથિ થી જોડાયા છીએ



દાહોદ ખાતે રહેતા અલ્પેશકુમાર પ્રહલાદભાઈ જોષી જે ભાવનગરના સરોજબેન માધુભાઈ બાંભણીયા સાથે અમારી બન્નેની રાજુ ખુશી અને સમ્મતી થી તા.૧૮/૦૫/૨૦૨૨ ના રોજ ભાવનગર ખાતે લગ્ન ગ્રંથિ થી જોડાયા છીએ અને લગ્નની નોંધણી રજીસ્ટ્રેશન ભાવનગર ખાતે કરાવેલ છે. જેની નોંધ લેવી.

લગ્ન ગ્રંથિ થી જોડાનાર
જોષી અલ્પેશકુમાર પ્રહલાદભાઈ
બાંભણીયા સરોજબેન માધુભાઈ

# શહેરાના સુરેલી ગામની આંગણવાડી-૩ને જુના તેડાગરે તાળું મારી દેતાં બાળકોને બહાર બેસવું પડ્યું

શહેરા,

શહેરા તાલુકાના સુરેલી ગામની આંગણવાડી કેન્દ્ર-૩ ખાતે ફરજ બજાવતા તેડાગર નિવૃત થતા નવા તેડાગરને નિમણૂક ઓર્ડર મળ્યો હતો. જ્યારે આંગણવાડી કેન્દ્ર-૩ને જુના આંગણવાડી તેડાગર એ તાળું મારી દેતા બાળકોને બહાર બેસવાનો વાળો આવ્યો હતો. જુના તેડાગર દ્વારા આંગણવાડી કેન્દ્રને તાળુ મારી દેતા બાળકોને ક્યાં બેસવું તે પ્રશ્ન બન્યો હોય ત્યારે આઇ.સી.ડી.એસ. શાખા ના ઘટક બે ના સી.ડી.પી.ઓ. દ્વારા આ બાબતને ગંભીરતાથી લેવામાં આવે તે જરૂરી છે.

શહેરા તાલુકાના સુરેલી ગામ માં આવેલ આંગણવાડી કેન્દ્ર-૩ ખાતે તેડાગર તરીકે ફરજ બજાવતા શાંતાબેન ખાંટ વય નિવૃત થતા ૨૧/૫/૨૦૨૨ ના રોજ ડાભી દક્ષાબેન વાઘસિંહને તેડાગર તરીકેનો નિમણૂંક ઓર્ડર મળતા તાલુકા પંચાયત કચેરીમાં આવેલ આઇ.સી.ડી.એસ શાખાના સી.ડી.પી.ઓ રમીલાબેન ખાંટ સમક્ષ હાજર થયા હતા. આંગણવાડી કેન્દ્ર-૩ ખાતે બુધવારના સવારમાં તેડાગર દક્ષાબેન ડાભી બાળકો લઈને આંગણવાડી કેન્દ્ર-૩ ખાતે ગયા ત્યારે જુના તેડાગર શાંતાબેન ખાંટ એ આંગણવાડી કેન્દ્રના દરવાજાને તાળું મારી દીધું હતું. આંગણવાડી કેન્દ્રને તાળું મારી દેતા બાળકોને ક્યાં બેસાડવા તે પ્રશ્ન આગણવાડી કાર્યકર લક્ષ્મીબેન બારીયા અને તેડાગર દક્ષાબેન ડાભી માટે બની ગયો હતો. આંગણવાડી તેડાગરના પ્રશ્નને લઈને આંગણવાડી કેન્દ્ર ખાતે કોઈ મોટો ઇશ્યૂ થાય તે પહેલા બાળ વિકાસ યોજનાના અધિકારી દ્વારા આ બાબતને ગંભીરતાથી લેવામાં આવે તે પણ જરૂરી છે. આંગણવાડી કેન્દ્ર-૩ને જુના તેડાગર શાંતાબેન એ તાળું મારી દેતા આંગણવાડી કાર્યકર લક્ષ્મીબેન શહેરા ખાતે આવેલ આઇ.સી.ડી.એસ. શાખા ખાતે પહોંચી જઈને આ બાબતની જાણ કરી હતી. આગણવાડી કેન્દ્ર-૩ને જુના તેડાગરે તાળું મારી દેતા હવે જોવું રહ્યું કે, બાળકોના હિત માટે સંબંધિત તંત્ર આ બાબતને ગંભીરતાથી લઈને આનો ઉકેલ ક્યારે લાવશે તેના પર બાળકોના વાલીઓની મીટ મંડાઈ છે. બીજી તરફ નવીન નિમણૂંક થયેલ આંગણવાડી તેડાગર સબંધિત કચેરી વહેલી તકે આનો સુખદ અંત લાવે તેવી આશા રાખી રહ્યા હોય ત્યારે જિલ્લા આઈ.સી.ડી.એસ. કચેરી દ્વારા આ બાબતને ખૂબ જ ગંભીરતાથી લેવા સાથે આંગણવાડી કેન્દ્રની મુલાકાત અધિકારીઓ પોતાની નૈતિક ફરજ સમજીને લે તેવી માંગ બાળકોના વાલીઓ માંથી ઉઠવા પામી છે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

> આંગણવાડી તેડાગર તરીકે મને વડોદરા નવલખી મેદાન ખાતે ૨૧/૫/૨૨ ના રોજ રાજ્યના મુખ્યમંત્રીના હસ્તે નિમણુક ઓર્ડર મળતા હું હાજર થઈ હતી. જ્યારે જૂના તેડાગર મને આગણવાડી કેન્દ્ર ખાતે બેસવા દેતા નથી. હું બાળકોને ક્યાં બેસાડું તે પ્રશ્ન મારા માટે બની ગયો છે. અમારી કચેરી દ્વારા આનો સુખદ અંત લાવે તેવી આશા હુ રાખી રહી છું.
> દક્ષાબેન ડાભી નવીન તેડાગર.....

> મારે ૫૮ વર્ષ થયા નથી તેમ છતાં મને ખોટી રીતે વય નિવૃત્ત કરી દેવામાં આવી છે. આંગણવાડી બનાવવા માટે મેં જમીન આપી હતી. જો મારા છોકરાના વહુ ને આંગણવાડી તેડાગર તરીકે નિમણૂંક નહીં કરવામાં આવે તો હું આંગણવાડીના મારેલ તાળા ખોલીશ નહિ અને નવી તેડાગરને બેસવા દેવાની નથી. મને ખોટી રીતે નોકરીમાંથી છૂટા કર્યા હોય એની રજૂઆત પણ મેં મારી કચેરી ખાતે કરેલ છે.
> શાંતાબેન ખાંટ જૂના તેડાગર...

ઓન લાઈન ટેન્ડરીંગ
માર્ગ અને મકાન વિભાગ
ટુંકી મુદ્દતની જાહેર નિવિદા-૧૧ સને : ૨૦૨૨-૨૩ (બીજો પ્રયત્ન)
ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ, ગોધરા-૩૮૯૦૦૧ જિ.પંચમહાલ ફોન નં.(૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસે રસ્તાઓની મરામતના ચાર કામો માટે ઓન લાઈન ટેન્ડરો, બી-૧ ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત કિંમત રૂા.૩.૨૭ લાખ થી ૧૩.૯૦ લાખ વચ્ચેની છે.

પ્રસ્તુત નિવિદામાં સમાવિષ્ટ કામો માટેના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઈટ https://rnb.nprocure.com પર તા.૩૦.૫.૨૦૨૨, ૧૨:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. અને તા.૩૦.૫.૨૦૨૨, ૧૮:૦૦ કલાક સુધી ઓન લાઈન ભરવાના રહેશે.

વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાંધવા વિનંતી છે.

માહિતી/ગોધરા/૧૮૫/૨૦૨૦